5/5/26, 5:01 PM Bharuch E-Paper Today | Gujarati Newspaper

+ ZOOM

ધો.૧૨ બોર્ડનું પરિણામ

સાંસરોદ હાઈસ્કૂલનું વિજ્ઞાન પ્રવાહનું ૯૭.૩૭ ટકા પરિણામ

પાલેજ : સાંસરોદ હાઈસ્કુલ ખાતે વર્ષ ૨૦૨૬ માં શાળાના કુલ ૩૮ વિદ્યાર્થીઓ એચએચસી વિજ્ઞાન પ્રવાહ બોર્ડની જાહેર પરીક્ષામાં બેઠા હતા તે પૈકી ૩૭ વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થયા છે. શાળા સંચાલક મંડળ તેમજ એજયુકેશન કમિટીના પ્રમુખ મીઠા એયુબ, ઉપપ્રમુખ કોચા હેદરભાઈ, સેક્રેટરી શેરીવાલા મહંમદ તેમજ ટ્રસ્ટીગણના તમામ સભ્યો, શાળાના ઈન્ચાર્જ આચાર્ય કડીવાલા શબ્બીર તેમજ શાળા પરિવાર દ્વારા વિજ્ઞાન પ્રવાહના શિક્ષકો તેમજ ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને અભિનંદન પાઠવ્યા હતા,. શાળાના વિજ્ઞાન પ્રવાહનું ૯૭.૩૭ તેમજ સામાન્ય પ્રવાહનું ૯૮.૦૬ જેટલુ પરિણામ આવ્યું છે.

માંગરોળ બી.એડ. કૉલેજમાં એસ. વાય.નું પરિણામ ૧૦૦% આવ્યું

દેડિયાપાડા : નાંદોદ તાલુકાના માંગરોલ ખાતે આવેલ શ્રી નર્મદા કૉલેજ ઑફ એજયુકેશનના S.y b.ed સેમ -૪ નું પરિણામ જાહેર થતા તમામ વિદ્યાર્થી ફર્સ્ટ કલાસ ડિસ્ટિશન સાથે પાસ થયેલ છે. અને ૧૦૦ % પરિણામ આવ્યું છે. કૉલેજના ટ્રસ્ટી મહેશભાઈ પટેલ અને આચાર્ય તેમજ સ્ટાફ દ્વારા તમામ વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી. ૧. પ્રથમ નંબર - વસાવા સાગર, ૨.બીજા નંબર - વસાવા દિવ્યા અને ૩. ત્રીજા નંબરે - વસાવા પ્રિયાશી આવેલ છે.

રઝા મેમોરિયલ હાઈસ્કૂલનું ધો.૧૨ સા.પ્રવાહનું ૧૦૦ ટકા પરિણામ

ભરૂચ : ભરૂચના દારૂલ ઉલુમ મોઈનુલ ઈસ્લામ-થામ સંચાલિત રઝા મેમોરિયલ સ્કુલે ૧૦૦ ટકા પરિણામ મેળવ્યું છે. ટ્રસ્ટી હાજી દાઉદભાઈ ગોરજી, સૈયદ ઝૈનુલ આબેદિન, હાજી સલીમભાઈ ગોરજી અને પ્રો.મુફ્તિકઅહમદ કાનુન્ગોએ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. આયેશા સિદ્દીકા યાસીનખાન પઠાણે તાજેતરમાં જ આલિમાની ડિગ્રી પ્રાપ્ત કર્યા બાદ ધો.૧૨ સા. પ્રવાહમાં કાઠું કાઢયુ છે.

નિવાલદા સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલનું ધો.૧૨ સા. પ્રનું ૧૦૦% પરિણામ

દેડિયાપાડા : દેડિયાપાડા તાલુકાના નિવાલદા ગામે આવેલી સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલમાં બોર્ડની પરીક્ષામાં ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં કુલ.૧૨૭ વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા આપી હતી. સમગ્ર વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. અને ૧૦૦% પરિણામ આવ્યું છે. જ્યારે ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં બોર્ડની પરીક્ષામાં ૫૪ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે અને કુલ. ૯૬.૪૩% પરિણામ આવ્યું છે.

ટીંબાપાડાની સનાતન ધર્મ સ્કૂલનું સામાન્ય પ્રવાહનું ૮૫% પરિણામ

દેડિયાપાડા : દેડિયાપાડા નજીક ટીંબાપાડા ખાતે આવેલ ઈનરેકા સંસ્થા સંચાલિત સનાતન ધર્મ સ્કૂલનું ધો.૧૨ સામાન્ય પ્રવાહનું ૮૫ ટકા પરિણામ આવ્યું છે. કુલ ૪૮ વિદ્યાર્થીઓ પાસ થયા છે. ઈનરેકા સંસ્થાન પ્રમુખ ડો. વિનોદ કુમાર કૌશિક અને મેનેજર ગોપાલ સિંહ ક્ષત્રિય દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓમાં ૧. તડવી સપનાબેન શૈલેષભાઈ ૬૭.૮૫%, ૨. વસાવા નિર્જરાબેન ભરતભાઈ ૬૩.૮૫% અને ૩. વસાવા દર્શનાબેન ધનજીભાઈ ૬૨.૫૭%નો સમાવેશ થાય છે.

સાગબારા આદર્શ નિવાસી શાળાનું ધો.૧૨ સા. પ્ર.નું ૯૭.૨૯ પરિણામ

દેડિયાપાડા : આદર્શ નિવાસી શાળા (કન્યા), સાગબારાનું ધોરણ ૧૨ બોર્ડ પરીક્ષા ૨૦૨૬ નું પરિણામ ૯૭.૨૯% રહ્યું છે. શાળાની ટોપ-૫ તેજસ્વી વિદ્યાર્થીનીઓમાં ૧. અનિષા કરણસિંહ (૭૭.૦૦%) ૨. મોહિની ઈશ્વરભાઈ (૭૦.૨૦%) ૩. નંદની અમરસિંહ (૬૯.૪૦%) ૪. વંશિતા કેશીયાભાઈ (૬૫.૪૦%) ૫. જમનાબેન કેશીયાભાઈ (૬૩.૦૦%)નો સમાવેશ થાય છે.

કંબોલી માધ્યમિક શાળાનું ધો.૧૨માં ૧૦૦ ટકા પરિણામ

પાલેજ : ભરૂચના કંબોલી સ્થિત માધ્યમિક શાળા, કંબોલીનું ધો.૧૨ એચએસસી બોર્ડ સામાન્ય પ્રવાહનું ૧૦૦ ટકા પરિણામ આવ્યુ છે. ધો.૧૨ માં અભ્યાસ કરતા ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને તથા શાળાના આચાર્ય તથા સ્ટાફ મિત્રોને શાળા મેનેજમેન્ટ કમીટી તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

અંકલેશ્વર તક્ષશિલા વિદ્યાલયનો બોર્ડ પરીક્ષામાં તેજસ્વી દેખાવ

અંકલેશ્વર : નવા બોરભાઠા વિસ્તારમાં આવેલ તક્ષશિલા વિદ્યાલયે ધોરણ ૧૨ બોર્ડ પરીક્ષામા સામાન્ય પ્રવાહમાં ૯૨.૫૦ ટકા અને વિજ્ઞાન પ્રવાહમાં ૮૪.૭૮ ટકા પરિણામ પ્રાપ્ત કર્યા છે. સામાન્ય પ્રવાહમાં નિધીબેન અશોકભાઈ સવાણી ૯૮.૩૩ પર્સન્ટાઈલ સાથે પ્રથમ, પ્રિયંકાબેન સુરેન્દ્રભાઈ પરમાર ૯૩.૧૪ પર્સન્ટાઈલ સાથે દ્વિતીય અને ભૂમિકા ભરતકુમાર વેષ્ણવ ૯૨.૮૬ પર્સન્ટાઈલ સાથે તૃતીય ક્રમે સ્થાન મેળવ્યું છે. વિજ્ઞાન પ્રવાહમાં યશ ભુપેન્દ્રભાઈ પટેલ ૯૩.૪૮ પર્સન્ટાઈલ સાથે પ્રથમ, કૃપાબેન જેપલભાઈ પરમાર ૯૪.૪૨ પર્સન્ટાઈલ સાથે દ્વિતીય અને અનેરીકુમારી રમેશભાઈ પટેલ ૯૫.૫૨ પર્સન્ટાઈલ સાથે તૃતીય ક્રમે રહી છે.

અંકલેશ્વર ગટ્ટુ વિદ્યાલયનું ધો.૧૨ સા.પ્રવાહનું ૧૦૦ % પરિણામ

અંકલેશ્વર : ધો.૧૨ની બોર્ડની પરીક્ષાના જાહેર કરવામાં આવેલ પરિણામમાં શ્રી ગટ્ટુ વિદ્યાલયના GSEB વિભાગનું ધોરણ ૧૨ કોમર્સ અંગ્રેજી માધ્યમના પ્રથમ બેચ નું ૧૦૦ % પરિણામ આવેલ છે. જેમાં પ્રથમ ક્રમે પ્રેમ વિશ્વકર્મા એ ૯૩ Pr. મેળવ્યા છે. બીજા ક્રમે માનસી સિંહ ૯૨.૨૮ Pr. જ્યારે ત્રીજા ક્રમે મમતા રાજપૂત ૯૧.૦૭ Pr. સાથે ઉતીર્ણ થયા છે. જ્યારે શાળાનું GSEB વિભાગ વિજ્ઞાન પ્રવાહનું ૮૫.૧૮ % પરિણામ આવ્યું છે.જેમાં પ્રથમ ક્રમે અનુષ્કા પરમારે ૯૦.૬૪ Pr.મેળવ્યા છે. બીજા ક્રમે સતીશ ચૌહાણ ૮૬.૦૮ Pr.સાથે ઉતીર્ણ થયા છે જ્યારે ત્રીજા ક્રમે અંકિત મન્ના ૭૮.૬૭ Pr. સાથે ઉતીર્ણ થયા છે

અંકલેશ્વર એસેન્ટ સ્કૂલનું ધો.૧૨ સા.પ્ર.નું ૧૦૦ ટકા પરિણામ

અંકલેશ્વર : શ્રી આદીનાથ સ્વામી એજયુકેશનલ એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ સંચાલિત એસેન્ટ સ્કૂલનું ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ આર્ટ્સ અને કોમર્સ નું ૧૦૦% રિઝલ્ટ આવ્યું છે. શાળાની વિધાર્થીની ઉન્નતિ રાજપૂત જેમણે ૯૭.૮૦ પર્સન્ટાઈન રેન્ક મેળવી શાળામાં પ્રથમ રહી. કાવ્યા શાહ જેમણે ૯૬.૨૨ પર્સન્ટાઈન રેન્ક મેળવી શાળામાં દ્વિતીય સ્થાન પર રહી. નંદની ગુપ્તા જેમણે ૯૫.૩૧ પર્સન્ટાઈન રેન્ક સાથે શાળામાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યુ.

અંકલેશ્વર શ્રવણ વિદ્યાભવનનું ધો.૧૨ કોમર્સનું ૧૦૦% પરિણામ

અંકલેશ્વર : વર્ષ ૨૦૨૫-૨૬* માં લેવાયેલ ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષામાં શ્રવણ વિદ્યાભવન, અંકલેશ્વરે ૧૦૦% પરિણામ પ્રાપ્ત કર્યુ છે.

A1 ગ્રેડ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓમાં ૧. પ્રથમ કેયુરભાઈ પટેલ- ૯૯.૮૩, ૨. સાક્ષી સંજયકુમાર પટેલ- ૯૯.૦૩ અને ૩. ટીસા જનકકુમાર ધારોલીવાલા -૯૮.૬૭નો સમાવેશ થાય છે.

દેડિયાપાડા પાર્થ વિધાલયનું ધો. ૧૨ સામાન્ય પ્રવાહનું ૧૦૦ % પરિણામ

દેડિયાપાડા : દેડિયાપાડા સ્થિત પાર્થ વિદ્યાલયનું ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૧૦૦ ટકા આવ્યુ છે. સંચાલક અને પ્રમુખ ડી.જી.શાહે વિધાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. ૧. કિંખા કમલેશ સિંધે - ૬૯.૫૭% ૨. ચિંતન કુમાર ઈશ્વર ભાઈ સોનવણે - ૬૩.૨૮% ૩. ધર્મેશ સુભાષ ભાઈ વસાવા - ૫૭.૧૪% ૪. પિયુષ કુમાર કરણ ભાઈ તડવી -૫૪ . ૪૨% નો સમાવેશ થાય છે.

ભરૂચ શ્રવણ વિદ્યાધામમાં વિદાય સમારંભ યોજાયો

ભરૂચ : શ્રવણ વિદ્યાધામ ખાતે શિક્ષકોના વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શૈલેષભાઈ વૈદ્ય, દીપકભાઈ બિનીવાલે, ભારતીબેન પટેલ, મીનાક્ષીબેન વાંસદીયા તથા દર્શનાબેન શાહને સન્માનપૂર્વક વિદાય આપવામાં આવી. આ પ્રસંગે શિક્ષિકા બેલાબેન પટેલે વિદાય ગીત રજૂ કર્યું. ગણિતના શિક્ષક શૈલેષભાઈ વૈદ્યએ પોતાના ૩૬ વર્ષના સેવા સમયના અનુભવોને યાદ કર્યા.શિક્ષિકા ભારતીબેન પટેલે પણ પોતાના વક્તવ્યમાં શાળાની સાથે જોડાયેલા અનુભવો અને વિદ્યાર્થીઓ સાથેના સ્નેહસભર સંબંધોને યાદ કર્યા. શાળાના આચાર્ય સુનિલભાઈ દ્વારા વિદાય લઈ રહેલા શિક્ષકોની સેવા, સમર્પણ અને નિષ્ઠાની પ્રશંસા કરવામાં આવી. આ પ્રસંગે વૈશાલી બેન ગજજરે ગીત રજૂ કર્યુ હ તું. સુપરવાઈઝર પરમાર રસિકભાઈએ આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષિકા પુષ્પાબેન અને ફાલ્ગુનીબેન દ્વારા કરવામાં આવ્યું.

કોઈ પણ જાતની કાળજી વગર જ તાડના ઝાડ ઉગે છે

અંકલેશ્વર વિસ્તારમાં તાડફળીનું ભરપૂર ઉત્પાદનથી ખેડૂતોને ફાયદો

આકરા ઉનાળામાં તાડફળીનું પાણીદાર ફળ રાહત આપે છે

। અંકલેશ્વર ।

અંકલેશ્વરના જુના દિવા ગામ ખાતે વર્ષો જુના તાડના ઝાડ ઉનાળામાં ખેડૂતો માટે તાડફળી આવકનું મહત્વપૂર્ણ સાધન બની છે.અહીંની તાડફળી ભરૂચ,સુરત સહિતના શહેરોમાંથી વેપારીઓ પણ સીધા ગામ સુધી ખરીદી કરવા પહોંચતા હોવાથી સ્થાનિક ખેડૂતોને બજારની કોઈ ખાસ મુશ્કેલી રહેતી નથી

ક્યારેક કુદરત જ ખેડૂત માટે એવી ભેટ આપી જાય છે કે જ્યાં ઓછા ખર્ચે વધારે આવકનો રસ્તો ખુલી જાય. અંકલેશ્વર તાલુકાના જુનાદીવા ગામમાં તાડના વૃક્ષો આજે એવી જ કુદરતી સમૃદ્ધિનું જીવંત ઉદાહરણ બની રહ્યા છે. અહીં તાડની ખેતી કોઈ યોજનાબદ્ધ વાવેતરથી નહીં, પરંતુ કુદરતી રીતે ઊગેલા ઝાડોથી વિકસીને ખેડૂતો માટે આવકનું મહત્વપૂર્ણ સાધન બની છે.ગામની સીમમાં અસંખ્ય તાડના વૃક્ષો જોવા મળે છે. વર્ષો પહેલા ઉગેલા આ વૃક્ષો આજે ઉનાળાની

ઋતુમાં ભરપૂર ઉત્પાદન આપી રહ્યા છે. હાલ તાડફળીની સીઝન શરૂ થતા રોજના સરેરાશ ૫ હજારથી વધુ તાડફળીઓ ઉતારવામાં આવી રહી છે. જે સીધી બજારમાં પહોંચે છે.તાડના ઊંચા અને જોખમી વૃક્ષો પરથી ફળ ઉતારવાનું કામ સરળ નથી. અનુભવી કારીગરોને રોજના અંદાજે ૧ હજાર રૂપિયા મજૂરી ચૂકવવી પડે છે જ્યારે કટીંગ અને પ્રક્રિયા માટે વધારાનો ખર્ચ થાય છે. છતાં ઓછા રોકાણ અને કુદરતી ઉત્પાદનના કારણે ખેડૂતોને સારો નફો મળી રહ્યો છે.

હાલ તાડફળીનો હોલસેલ ભાવ ૧૦૦ નંગ દીઠ આશરે ૪૦૦ રૂપિયા છે. શહેરમાં રિટેલ વેચાણ દરમિયાન એક તાડફળી ૧૦ રૂપિયાથી લઈને ચાર તાડફળી ૫૦ રૂપિયામાં વેચાતી જોવા મળે છે.ભરૂચ સુરત સહિતના શહેરોમાંથી વેપારીઓ પણ સીધા ગામ સુધી ખરીદી કરવા પહોંચતા હોવાથીસ્થાનિક ખેડૂતોને બજારની કોઈ ખાસ મુશ્કેલી રહેતી નથી.તાડફળી માત્ર આવકનું સાધન નથી પરંતુ આરોગ્ય માટે પણ લાભદાયી માનવામાં આવે છે. ગરમીમાં શરીરને ઠંડક આપતી, પાણીની ઉણપ દૂર કરતી અને પાચનક્રિયા સુધારતી તાડફળી ઉનાળાનું ક્ષમૃતફળ્ખ ગણાય છે. વધતી ગરમી વચ્ચે લોકો તાડફળી તરફ વધુ આકર્ષાઈ રહ્યા છે, જેના કારણે માંગ સતત વધી રહી છે.

અસા ગામમાં નિ:શુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો

અછાલીયા : ઝઘડીયા તાલુકાના નર્મદા તટે આવેલ અસા ગામના નિર્લોભી આશ્રમ માં ચંચળબેન દોશી ટ્રસ્ટ ઉમલ્લા દ્વારા નિ:શુલ્ક નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો , સેવા રૂરલ ઝઘડીયા ના સહયોગ થી આંખ સર્જન ડૉક્ટર ટીમ દ્વારા કુલ- ૧૫૩ દર્દીઓ ની તપાસ કરવામાં આવી હતી , જેમાં કુલ-૨૦ દર્દી ને મોતીયા ના ઑપરેશન માટે હૉસ્પિટલ રીફર કરાયા હતા , ૧૧૮ ને મફત ચશ્મા નું વિતરણ કરાયું હતું જયારે ૫૯ દર્દીઓને દવાઓ વિતરીતકરાયું હતું

ભરૂચ-નર્મદા આર્ટ ઓફ લિવિંગ દ્વારા સન્માન સમારંભ

અંકલેશ્વર : આર્ટ ઓફ લિવિંગ, અંકલેશ્વર ચેપ્ટર દ્વારા શ્રી શ્રી જ્ઞાન મંદિર, ખાતે અનસંગ હીરો એવરીડે સેરેમનીનું આયોજન કરાયું હતું. જ્યુરી દ્વારા ૩ શ્રેષ્ઠ અનસંગ હીરોની પસંદગી કરાઈ હતી.આ વિજેતાઓમાં ડૉ. મહેશ પટેલ (ચેરમેન, અવની ફાઉન્ડેશન), દિવ્યા બ્રહ્મભટ્ટ (નર્મદા જિલ્લામાં મહિલા સશક્તિકરણ માટે કાર્યરત સામાજિક કાર્યકર) તથા પ્રેયા પ્રજાપતિ (એશિયન યુથ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડાલિસ્ટ - શાટલ કોક)નો સમાવેશ થાય છે.

નામ બદલેલ છે
મારૂ જુનું નામ સલમા આબિદહુસૈન
હતુ જે બદલીને નવું નામ
પઠાણ સલમા આબિદહુસૈન
કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સરનામું : ૫, ખિસ્મિલ્લાહ મંઝીલ, હવા મહેલ સોસાયટી, મુ.પો.પીરામણ,તા.અંકલેશ્વર,જી.ભરૂચ.

જાહેર નોટિસ માધવી ડી.મિશ્રી, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી,ભરૂચ (ગ્રામ્ય)ની કોર્ટમાં
જન્મ/મરણ નોંધણી અરજી કેસ નં. ૬૦/૨૦૨૬
અરજદારઃ હાફેજી ઝુબેરભાઈ મહંમદસલીમ વિરુદ્ધ
સામાવાળાઃ જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી.ઝગોર તા.જી.ભરૂચ.
આથી, આ નોટીસ દ્વારા જાહેર જનતાને જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારશ્રીનો જન્મ તા. ૩૧/૦૭/૧૯૯૬ના રોજ મોજે ગામ ઝગોર, તા.જી.ભરૂચ ખાતે થયેલ હોવા અંગે, સામાવાળા તેમની કચેરીના જન્મ-મરણ રજીસ્ટરમાં અરજદારશ્રીનાં જન્મની નોંધણી કરે, તેવો હુકમ મેળવવા માટે અરજદારશ્રીએ અત્રેની કોર્ટમાં સદરહું અપીલ અરજી દાખલ કરેલ છે. સદરહું નોંધણી સામે કોઈપણ વ્યક્તિને કોઇપણ પ્રકારનો વાંધો હોય તો, આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ (ત્રીસ) સુધીમાં અત્રેની કોર્ટમાં રૂબરૂ હાજર રહી જાણ કરવી. જો મુદતમાં વાંધો રજૂ કરવામાં નહીં આવે તો, સદરહું કામે આગળની નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ રોજ તા.૧૪/૦૪/૨૦૨૬ રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો હુકમથી,
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદારશ્રી, ભરૂચ (ગ્રામ્ય)

કુલમુખત્યાર પત્ર રદ કરતી જાહેર નોટિસ
આથી અમો એડવોકેટ અક્ષયકુમાર મહેશચંદ્ર બારોટ રહે.જંબુસર તા-જંબુસર જિ-ભરૂચ ને અમારા અસીલ અહમદ ભારતસંગ નાથા રહે-વડોદરા ઠે.શમશોર નગર, કરોડીયા રોડ, ગોરવા, વડોદરા શહેર, મુળ રહેવાસી કાવલી તા-જંબુસર જિ-ભરૂચ ની સુચના અને ફરમાઈશથી આ જાહેર નોટિસથી જાહેર જનતાને જણાવીએ છીએ કે,
અમારા અસીલની સંયુક્ત માલિકીની ખેતીની જમીન મોજે-કાવલી તા-જંબુસર સીમ મધ્યે ખાતા નં.૫૫૭ બ્લોક નંબર ૨૮૨/ પૈકી ૧ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૫૭-૭૭ આકાર રૂ.૫.૧૭ થી આવેલ છે. સદર જમીનમા ચાલતા નામો (૧) અકમદ ભારતસંગ નાથા (૨) બેજીબેન સુરસંગ ની વિધવા (૩) ઉદેસંગ સુરસંગ (૪) રઝીક સુરસંગ પાસેથી દિલીપ સુરસંગનાઓએ આ જમીન બાબતે કુ.મુ.લખાવી લીધેલ છે જે કુ.મુ.ની નોંધણી જંબુસર સબ રજી. કચેરીમા નોંધણી નંબર ૨૬૦૪ તા-૦૪/૧૨/૨૦૨૪ ના રોજ નોંધાયેલ છે, સદરહુ કુ.મુ. અમારા અસીલની સંમતિ વગર લખાવેલ છે જેથી અમારા અસીલે તેઓ પુરતું આ કુ.મુ. રદ જાહેર કરેલ છે અને જંબુસર સબ રજી.સાહેબ રૂબરૂ સદર કુ.મુ.રદ કરતો કરાર નોંધણી નંબર ૧૦૬૭ તા-૦૧/૦૫/૨૦૨૬ ના રોજ લખી આ કુ.મુ. તેઓ પુરતુ રદ જાહેર કરેલ છે.
આ કુલમુખત્યારનામાના આધારે અમારા અસીલના હકક હિતને નુકશાન થાય તેવી સંભાવનાઓ હોઈ અમારા અસીલ પાસેથી લખાવી લીધેલ કુલમુખત્યારનામુ આ જાહેર નોટિસથી રદ કરેલ છે જેની જાહેર જનતાએ નોંધ લેવી. સદર જમીન અંગે કુલમુખત્યારના આધારે કોઈપણ વ્યક્તિ કે સંસ્થાએ દિલીપ સુરસંગ પાસેથી કોઈપણ જાતના વેચાણ દસ્તાવેજ, બાનાખત, કે અન્ય વ્યહવારો, લખાણો, કરારો કરવા નહિ તેમ છતાં જો આવું કોઈ લખાણ કરવામા આવેલ હશે તો નિરર્થક અને રદબાતલ ગણાશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.
તા- ૦૪ /૦૫/૨૦૨૬ અસીલની સુચના અને ફરમાઈશથી
રહેઠાણ :- મુ.પો.જંબુસર, ૩૪ત્યસિકનગર સોસાયટી,તા.જંબુસર, જી.ભરૂચ.
(ઓ) મામલતદાર કચેરી સામે, જંબુસર
મો :- (૧) ૯૯૦૯૨૦૮૪૦૫, (૨) ૯૦૩૩૨૬૪૩૬૪
અક્ષયકુમાર મહેશચંદ્ર બારોટ (એડવોકેટ)

જાહેર નોટિસ મહેરબાન ભરૂચના એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,મુ.ભરૂચ.
અરજદાર : ચીમનભાઈ લક્ષ્મણભાઈ પટેલ,રહેવાસી : પટેલ ફળીયુ,મોજે.કુકરવાડા ગામ, તા.જી.ભરૂચ. વિરૂદ્ધ જન્મ/મરણ પરચુરણ અરજી નં.: ૫૧/૨૦૨૬
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી મોજે કુકરવાડા ગામ, તા.જી.ભરૂચ.
આથી જાહેર જનતાને નોટીસ આપી જણાવવાનું કે, ઉપરોકત નંબરના કેસમાં અરજદારશ્રીના સંબંધી યાને બાજુના મહોલ્લાના રહીશ મર્હુમ જેલીબેન બેચરભાઈ વસાવાનું મરણ તા.૨૧-૦૮-૧૯૯૫ ના રોજ નવીયસાહત મોજે કુકરવાડા ગામ, તા.જી.ભરૂચ થયેલાનું આ કામના અરજદારશ્રી એકરાર કરેલ છે. પરંતુ તેઓના મરણની નોંધ શાસ્ત્રયુકથી રજીસ્ટ્રાર જન્મ-મરણ અને મુખ્ય અધિકારીશ્રી ગ્રામ પંચાયત કુકરવાડા, તા.જી.ભરૂચ કચેરીમા રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. જેથી તે અંગેની નોંધ કરાવવા માટે રજીસ્ટ્રારશ્રી જન્મ-મરણ અને મુખ્ય અધિકારીશ્રી ગ્રામ પંચાયત કુકરવાડા તા.જી.ભરૂચ કચેરીઓને હુકમ કરવા ઉપરોકત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી અત્રેની કોર્ટમાં અથવા રજીસ્ટ્રારશ્રી જન્મ-મરણ અને મુખ્ય અધિકારીશ્રી ગ્રામ પંચાયત કુકરવાડા, તા.જી.ભરૂચ કચેરી ખાતે લેખીત આધાર-પુરાવા સહ વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.
હુકમથી સહી/-(અવાચ્ય) મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, તા.જી.ભરૂચ.

વલણ ખાતે નિશુલ્કમોતિયાના ઓપરેશનની શિબિર યોજાઈ

પાલેજ : વલણ હોસ્પિટલ ખાતે યુ કે ના બોલ્ટન ટાઉન સ્થિત ઈસા ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે નિશુલ્ક નેત્ર રોગ તેમજ મોતિયાના ઓપરેશનની શિબિર યોજાઈ હતી. શિબિરમાં ૧૦૦ થી ૧૫૦ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. જરૂરિયાતવાળા મોતિયાના દર્દીઓને ફેકો પદ્ધતિથી નિશુલ્ક ઓપરેશન કરી આપવામાં આવશે એમ હોસ્પિટલ સંચાલકો દ્વારા જણાવવામાં આવ્યું હતું. વલણ હોસ્પિટલ ખાતે સમર્પાતરે નિશુલ્ક સર્વ રોગ નિદાન શિબિર તેમજ નેત્રરોગ નિદાન શિબિરના કાર્યક્રમો આયોજિત થતા હોય છે.

સાગબારા તાલુકાની કેલ -૧ પ્રા. શાળામાં વિદાય સમારંભ

દેડિયાપાડા : સાગબારા તાલુકાની કેલ ૧ પ્રાથમિક શાળામાં ધોરણ પાંચના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો હતો. વિધાર્થીઓ અને શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના અંતિમ દિવસે બાળકો સંગીતના મધુર સુર સાથે નાચગાન કરી આનંદમય માહોલ સર્જ્યો હતો. કાર્યક્રમ દરમિયાન શાળાના મુખ્ય શિક્ષક કલ્પેશભાઈ તડવી દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અંતમાં વિદ્યાર્થીઓએ શિક્ષકોનો આભાર વ્યકત કર્યો અને ફરી નવા ઉત્સાહ સાથે શાળામાં પરત ફરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

RMPS સ્કૂલમાં ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી

અંકલેશ્વર : RMPS ઈન્ટરનેશનલ સ્કૂલેની ત્રણેય શાખાઓ- દિવા રોડ, અંદાડા અને જી .આઈ. ડી. સી. ખાતે ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી ઉત્સાહ સાથે કરવામાં આવી. નાનકડા ભૂલકાંઓએ પરંપરાગત ગુજરાતી વેશભૂષામાં ગરબા અને લોકનૃત્ય રજૂ કર્યા ટ્રસ્ટી સભ્યો મહાવીર જૈન અને રાકેશ જૈને, ડિરેક્ટર અને પ્રિન્સિપાલ મેલરોય મેકડોનાલ્ડ અને પ્રિન્સિપાલ અર્ચના નેગી પટેલ હાજર રહ્યા હતા.

પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલિ

છોડી ગયા જીવન છતાં,
જીવીત હોવાનો ભાસ છે.
દર્શન નથી તમારા દેહના,
પરંતુ હૈયામાં સદાય વાસ છે
"પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના"
ઉષાબેન મહેન્દ્રસિંહ ગોહેલ
સ્વ. તા.૦૫/૦૫/૨૦૨૧
લી. પ્રદીપસિંહ મહેન્દ્રસિંહ ગોહેલ
આરતીબેન પ્રદીપસિંહ ગોહેલ
આદિત્યસિંહ પ્રદીપસિંહ ગોહેલ
આસ્થાબેન દિગપાલસિંહ દેસાઈ

તમારા દુઃખમાં સહભાગી સંદેશ
ભરૂચ-નર્મદા, પંચમહાલ-દાહોદ-મહીસાગર, વડોદરા-છોટાઉદેપુર એડિશન માટે
દુઃખદ અવસાન/ બેસણું /શ્રદ્ધાંજલિ
ફક્ત રૂા. ૭૦૦/-
૪૫ ચો.સે.મી. (૯ x ૫ કે ૫ x ૯) સાઇઝ
વધારાના ચો. સે.મી.ના રૂા. ૨૨/-
રવિવારે પણ બેસણું/શ્રદ્ધાંજલિની જાહેરખબર સ્વીકારાશે.
Note : GST as applicable
સંદેશ Sandesh Bhavan, Near L & T Circle, Opp. Ratribazar, VIP Road, Karelibaug, Vadodara
Phone : 0265-2464750

ભરૂચ ITI ખાતે સેમિકન્ડક્ટર કારકિર્દી વિષયક સત્ર યોજાયું

ભરૂચ : હાજી અહમદ મન્શી ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ (આઈટીઆઈ), ભરૂચ ખાતે સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં કારકિર્દી અંગે વિશેષ નિષ્ણાત સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ફિટર, ઈલેકિટ્રશિયન અને ઇલેક્ટ્રોનિકસ મિકેનિક, AOCP તથા RFM ટ્રેડના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સત્રમાં ડૉ. વસી ઉદ્દીન (હેડ - R&D) અને આફતાબ આલમ (પ્રોગ્રામ મેનેજર - R&D) દ્વારા સેમિકન્ડક્ટર ફેબ્રિકેશનના મૂળભૂત મુદ્દાઓ, સલામતી ધોરણો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમની શર